Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

# પરિવાર પત્રિકા

(ગુજરાતી માસિક)

PARIVAR PATRIKA (Gujarati Monthly)

Year - 22● Issue No. - 269 ● 1st February 2026 Price Rs. 2/- ● Pages-12

શિક્ષા એ જીવનનો શ્રેષ્ઠ મિત્ર છે; એક શિક્ષિત વ્યક્તિને ઇશ્વરનો ભય પણ મીઠો લાગે છે.

**જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ**

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ...................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ.................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ.....................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ...........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિ બંધુઓ,

મકરસંક્રાંતિ આવી અને ગઈ. શીખ દેતી ગઈ કે પ્રગતિનો પતંગ ઊંચે ઊંચે ચગાવ્યા કરવો.

### જ્ઞાતિબંધુઓ માટે મેડિકલ ખર્ચ સહયોગ રકમમાં વધારો

જ્ઞાતિબંધુઓને સહર્ષ જણાવવાનું કે,

આયુષ્યમાન કાર્ડ, મેડિક્લેમ હોવા છતાં નોર્મલ પ્રસુતિ, સીઝેરીયન પ્રસુતિ, ઓપરેશન સિવાય પણ કેટલાક રોગમાં તાકીદની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવાના કિસ્સામાં થતા ખર્ચમાં મેડિકલ ખર્ચને પહોંચી વળવામાં જ્ઞાતિબંધુઓને મુશ્કેલીઓ અનુભવવી પડે છે. તેથી તા. ૨૯–૧૨–૨૫ ના રોજ મળેલ કારોબારીગણ સમિતિમાં મેડિકલ ખર્ચ સહયોગની રકમ રૂ. ૫,૦૦૦/–ની મર્યાદામાં વધારો કરીને રૂ. ૨૫,૦૦૦/– સુધી મેડિકલ ખર્ચમાં સહયોગ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. મેડિકલ સમિતિ દ્વારા પુખ્ત વિચારણા બાદ કારોબારી સમિતિને ભલામણ કરવામાં આવશે.

અમદાવાદ મંડળની સમગ્ર કારોબારીની તા.૧૭ અને ૧૮ જાન્યુઆરીના રોજ મણીલક્ષ્મી તીર્થ – ખંભાત – વાલવોડ તીર્થ યાત્રા તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો. જે યાત્રા પ્રવાસ ખુબ સુંદર રહ્યો હતો. આ યાત્રા પ્રવાસનો સંપૂર્ણ લાભ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી બકુભાઈ સી. ગાંધી તથા માનનીય પ્રમુખ વિજયભાઈ કે. શાહે લીધેલ હતો. સમગ્ર કારોબારી તરફથી બંને દાતાઓને ખુબ ખુબ અનુમોદના કરવામાં આવી.

### જ્ઞાતિજનોને વિનંતીપૂર્વક નમ્ર નિવેદન

પરિવાર પત્રિકામાં પ્રકાશિત કરવા માટે કોઈ પણ જ્ઞાતિજનને જાહેરાત રૂપે કે સાધર્મિક, શૈક્ષણિક, મેડિકલ સહાયમાં કે શુભલગ્નમાં કે સમ્યક્જ્ઞાન પ્રસારનિધિ વગેરેમાં દાન, ભેટ આપવાની ભાવના હોય કે ધાર્મિક સમાચાર આપવાના હોય કે મંતવ્ય/અભિપ્રાય આપવાનો હોય તો તેમણે મહેરબાની કરીને પોતાનું નામ, ગામ, સરનામું, મોબાઈલ નંબર આપવા. તેમણે પોતાના કોઈ સગા–સંબંધી મારફતે ઉપરોક્ત બાબતે લખાણ મોકલવું હોય તો તેમનું પણ નામ, ગામ, મોબાઈલ નંબર જ્ઞાતિના કાર્યાલયમાં આપવા ખાસ વિનંતી છે. આપણા Helpline Number : +91 70466 02375 ઉપર મોકલી આપવું.

અમદાવાદ જ્ઞાતિ મંડળ તરફથી દર માસના બીજા અને ચોથા ગુરુવારે ૨:૩૦ થી ૪:૩૦ હોમિયોપેથીક સારવાર ડૉ.શ્વેતાબેન દ્વારા આપવામાં આવે છે. તો વધુમાં વધુ જ્ઞાતિબંધુ મંડળ તરફથી અપાતી સેવાનો લાભ લેવા વિનંતી.

સમ્યક્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત સોમવારથી શનિવાર સાંજે ૪:૦૦ થી ૫:૦૦ દરમ્યાન પાઠશાળા ચાલે છે. તેમાં ધાર્મિક સૂત્રોના શુધ્ધિકરણ સાથે ધાર્મિક શિક્ષક દ્વારા શીખવવામાં આવે છે. જેનો વધુમાં વધુ જ્ઞાતિબંધુઓએ લાભ લેવો જોઈએ.

શ્રી ભાવેશભાઈ એમ. શાહ–મંત્રી ❁ શ્રી રમેશભાઈ સી. શાહ–સહમંત્રી

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**સદ્ગતની સ્મૃતિમાં**

કેતન કેયુર કેતકી
અલ્કા શ્વેતા અક્ષય

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંટાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંટાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ..........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદના ઉપક્રમે

**સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ સમિતિ આયોજિત**

### ચાલો બહેનો, ગેહુલી શીખવા જઈએ .....

આપણી જ્ઞાતિની બહેનો ધાર્મિક જ્ઞાનની સાથોસાથ ધાર્મિક ક્રિયાઓ પણ શીખે તેવા હેતુથી જ્ઞાતિ મંડળના હોલ, વાસણા ખાતે
તા. ૧૧-૦૨-૨૬ થી તા. ૧૪-૦૨-૨૬ એમ ચાર દિવસ માટે બપોરના ૨.૦૦ થી ૪.૦૦ ના સમયગાળા દરમિયાન "ગેહુલી" શીખવવામાં આવશે. કોઈપણ ઉંમરની બહેનો ભાગ લઈ શકશે. ગેહુલી માટેની તમામ સામગ્રી મંડળ તરફથી પુરી પાડવામાં આવશે. ઉપરોક્ત ચારેય દિવસ ગેહુલી શીખવા માટે હાજર રહ્યાં હશે તેમના માટે તા. ૧૫-૦૨-૨૬ ને રવિવારના રોજ હોલ પર "ગેહુલી" ની હરિફાઈ રાખવામાં આવી છે. આ પાંચેય દિવસ હાજર રહેલા તમામને પ્રોત્સાહન રકમ આપવામાં આવશે. તા.૧૫-૦૨-૨૬ ના રોજ તમામ ( ભાઈઓ તથા બહેનો ) જ્ઞાતિજનોને પધારવા અને હરિફાઈમાં ભાગ લેનારને પ્રોત્સાહન પુરૂં પાડવા વિનંતી છે. ગેહુલી શીખવા માટે બહેનોએ તા. ૦૭-૦૨-૨૬ સુધી નીચે જણાવેલ નંબર પર નામ નોંધાવી શકાશે.

| અંજનાબેન ગાંધી | પ્રિતીબેન શાહ | આશાબેન શાહ |
|---|---|---|
| મો.નં. +૯૧૯૩૨૭૭૪૪૪૦૫ | મો.નં. +૯૧ ૯૪૨૯૦ ૨૪૩૪૮ | મો.નં. +૯૧૯૪૨૬૬૩૪૧૭૫ |

### ધાર્મિક સમાચાર

❁ ભાલક જૈન સંઘ આયોજીત મહા સુદ-૩ તા.૨૧-૦૧-૨૦૨૬ના રોજ ભાલક તીર્થમાં મૂળનાયક ભગવાનશ્રી ધર્મનાથદાદાનો જન્મ કલ્યાણક મહોત્સવ ૧૭૫ ભક્તજનોની હાજરીમાં અઢાર અભિષેક સાથે સફળતા પૂર્વક સંપન્ન થયો. આજ દિવસે શ્રી ગૌતમસ્વામી ગણધરની પ્રતિકૃતિ સાથે પગલાંની અને ક્ષેત્રપાલદાદાની પ્રતિષ્ઠા પણ ઉલ્લાસપૂર્વક કરવામાં આવી. ક્ષેત્રપાલદાદાનો હવન કરી મંત્રોચ્ચાર સાથે સ્થાપના પણ કરવામાં આવી આ પ્રસંગે લાડવાની પ્રભાવના કરવામાં આવી આ શુભ પ્રસંગો પ.પૂ.આ.ભગવંતશ્રી વિજય મતિ સેન સૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણા અને નિશ્રામાં ધાર્મિક માહોલમાં સંપન્ન થયા. પૂજ્ય મુનિરાજશ્રી અક્ષયસેન પણ હાજર રહ્યા. સવારના નવકારશી, બપોરનું જમણ અને ચૌવિહારનો સૌએ સ્વાદ માણ્યો. આ પ્રસંગે રૂા.૫૦/-ની પ્રભાવના પણ કરવામાં આવી. આરતી, મંગલ દિવો ઉતારી સૌ અમદાવાદ પરત આવ્યા.



**ઈન્દિરાબેન ચંદ્રકાન્તભાઈ શાહ**
**(ગાંભુ-હાલ:પૂના)**
જન્મ તા.૨૨-૧૨-૧૯૪૮ ❁ સ્વ.૦૪-૧૦-૨૦૨૪

**પરિસ્થિતિ કેવી હશે તે આપણા હાથ માં નથી
પણ પરિસ્થિતિ નો સામનો કેમ કરવો
તે આપણા હાથ માંજ છે.**

હેમાબેન રાજેશકુમાર શાહ (ભાલક-અમદાવાદ)
રચના સંજયભાઈ શાહ (ગાંભુ-પૂના)

રોમીલ રાજેશકુમાર શાહ
અનાલી રોમીલ શાહ
કહાન, કીયાન

રીમા રવિકુમાર શાહ
રવિકુમાર વસંતભાઈ શાહ
રીવા

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



**કુંદાબેન તનેશકુમાર ઉત્તમચંદ શાહ**
ગામ : મણુંદ- પુના
મોબાઈલ : +૯૧ ૯૯૭૦૩૭૫૪૭૫
જન્મ તારીખ : ૨ જી ફેબ્રુઆરી



**વસુમતીબેન ધીરજલાલ ચિમનલાલ શાહ**
ગામ : ગાંભુ- પુના
મોબાઈલ : +૯૧ ૯૨૮૪૮૨૯૭૧૭
જન્મ તારીખ : ૧૦ મી ફેબ્રુઆરી



**બકુભાઈ છગનલાલ ગાંધી**
ગામ : સમોડા- અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૫૦૯૬૪૪૪
જન્મ તારીખ : ૧૭ મી ફેબ્રુઆરી



**ધનવીબેન મિતુલકુમાર શાહ**
ગામ : રણુંજ - અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૧૨૦૭૯૬૦
જન્મ તારીખ : ૨૩ મી ફેબ્રુઆરી

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**દેવલબેન કિરણકુમાર શાહ**
અને
**કિરણકુમાર કાંતિલાલ શાહ**
લગ્ન તારીખ : ૯ મી ફેબ્રુઆરી
મોબાઈલ : +૯૧ ૯૯૯૮૪૧૬૧૬૧, +૯૧૯૮૯૮૪૧૬૧૬૧
ગામ : તરભ - અમદાવાદ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**પારૂલબેન યોગેશકુમાર શાહ**
અને
**યોગેશકુમાર ચિમનલાલ શાહ**
લગ્ન તારીખ : ૧૦ મી ફેબ્રુઆરી
મોબાઈલ : +૯૧ ૭૯૭૨૧૫૦૪૩૩, +૯૧૯૩૨૫૫૦૪૦૩૦
ગામ : ગાંભુ- પુના

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**છાયાબેન નીતિનકુમાર શાહ**
અને
**નીતિનકુમાર રજનીકાંતભાઈ શાહ**
લગ્ન તારીખ : ૧૧ મી ફેબ્રુઆરી
મોબાઈલ : +૯૧ ૯૭૩૭૯૯૭૨૦૦, +૯૧ ૯૮૨૪૬૧૧૦૬૨
ગામ : બોકરવાડા- અમદાવાદ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**વસુમતીબેન ધીરજલાલ શાહ**
અને
**ધીરજલાલ ચિમનલાલ શાહ**
લગ્ન તારીખ : ૧૩ મી ફેબ્રુઆરી
મોબાઈલ : +૯૧ ૯૨૮૪૮૨૯૭૧૭, +૯૧ ૯૩૨૬૧૭૩૬૯૩
ગામ : ગાંભુ- પુના
( લગ્ન જીવનનાં ૬૩ વર્ષ પુર્ણ )

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**પ્રીતિબેન ભાવેશકુમાર શાહ**
અને
**ભાવેશકુમાર મહેશકુમાર શાહ**
લગ્ન તારીખ : ૨૧ મી ફેબ્રુઆરી
મોબાઈલ : +૯૧ ૯૪૨૯૦૨૪૩૪૮, +૯૧ ૯૪૨૭૭૦૨૦૮૦
ગામ : ભાલક- અમદાવાદ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**જીનલબેન મોનલકુમાર શાહ**
અને
**મોનલકુમાર યોગેશકુમાર શાહ**
લગ્ન તારીખ : ૨૧ મી ફેબ્રુઆરી
મોબાઈલ : +૯૧ ૯૬૧૯૨૪૨૦૪૨, +૯૧ ૯૦૨૮૭૪૮૮૫૫
ગામ : ગાંભુ- પુના

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**


સ્વ.અશ્વિનભાઈ અમૃતલાલ શાહ
સ્વ.તા.૧૭-૦૫-૨૦૨૧

"મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે શુભ થાઓ આ સકલ વિશ્વનું" એવી ભાવના હ્રદયસ્થ કરનાર સ્વર્ગસ્થ શ્રી અશ્વિનભાઈ અમૃતલાલ પિતાંબરદાસ શાહ (ઉનાવા–હાલ:અમદાવાદ)ને શિક્ષણ પ્રત્યે (અપ્રતિમ) અત્યંત લગાવ હતો. જ્ઞાન વિના વિજ્ઞાન પણ પાંગળુ છે તેથી તેમણે ઘરમાં અપ્રાપ્ય પુસ્તકોનો ભંડાર વસાવેલો. આ પુસ્તકોનું વાંચન, મનન કરીને, તેમના ગૂઢ મર્મને સમજીને આચરણમાં મુકતા.. શિક્ષણ થકી જ સમાજની ઉન્નતિ થઈ શકે તે આપણી જ્ઞાતિનું ધ્યેય છે અને જ્ઞાતિના વિદ્યાર્થીઓ ઉત્તમ શિક્ષણ મેળવી કુટુંબ અને જ્ઞાતિનું ગૌરવ વધારે તેવા શુભ આશયથી સ્વ.અશ્વિનભાઈના સહધર્મચારિણી અને પ્રેરકબળ શ્રી વંદનાબેને સદ્‌ગતની પુણ્યસ્મૃતિમાં અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક સહાય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપેલ છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ સદ્‌ગતના આત્માને પરમ શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે અને આ પરિવારની અનુમોદના કરીને તેમનો ખૂબ આભાર માને છે.

## મેડિકલ સહાય ક્ષેત્રે દાન- ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**


સ્વ.અશ્વિનભાઈ અમૃતલાલ શાહ
સ્વ.તા.૧૭-૦૫-૨૦૨૧

'પહેલું સુખ તે જાતે નર્યા' કોઈને પણ જરૂર પડે ત્યારે સ્વર્ગસ્થ શ્રી અશ્વિનભાઈ તન, મન, ધનથી નિ:સ્વાર્થ સેવા આપી સૌને સહાયરૂપ થતા. અમદાવાદ જ્ઞાતિ મંડળની કાયમી મેડિકલ સહાય સ્કીમના બે સૌજન્યદાતા પૈકી એક સ્વ.શ્રી અમૃતલાલ પિતાંબરદાસ શાહના નામે સ્વ.અશ્વિનભાઈના વડીલબંધુ સ્વ.શ્રી શરદભાઈએ દાન આપેલું. તે આ મેડિકલ સહાય ફંડમાં સદ્‌ગત શ્રી અશ્વિનભાઈના ધર્મપત્ની શ્રી વંદનાબેને સ્વ.ના આત્મશ્રેયાર્થે રૂા.૨૧૦૦૦/–નું દાન આપીને તેમના પરિવારની પરંપરાને પુષ્ટિ આપી છે. સ્વ. અશ્વિનભાઈ તેમના બહોળા કુટુંબનો ભવ્ય વારસો અને ગૌરવ જળવાઈ રહે તે માટે સદા પ્રયત્નશીલ રહેતા. ઈ.સ.૨૦૨૧માં આવેલા ભૂકંપ વખતે હળવદ પાસેના 'ખોડ' ગામને દત્તક લઈને પુનર્જીવિત કરીને પુણ્યકાર્ય કરેલું. આ ગ્રામજનોને કાયમી ફ્રી મેડીકલ સેવા ઉપલબ્ધ કરાવેલી. સ્વ.અશ્વિનભાઈએ મંડળની વિવિધ યોજનાઓમાં દાન આપેલ છે. તેમના સમાજ સેવા અને સત્કાર્યોમાં પ્રેરણા બની સહભાગી થયેલા શ્રી વંદનાબેન પોતાને યશભાગી માને છે. તેમના સુપુત્ર ચિ.આકાશ, પુત્રવધૂ નિરાલી, પૌત્રો આયુષ, અવાન તથા સુપુત્રી ચિ.હિલ્લોર ધૈર્યકુમાર, દૌહિત્રો – હ્રિદાન, અવાન આ સૌ પરિવારજનો તેમના આવા સેવાકાર્યોમાં સંપૂર્ણ સાથ સહકાર આપે છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ આ પરિવારની શુભ ભાવનાની કદર કરે છે. તેમની અનુમોદના કરીને ખૂબ આભાર વ્યક્ત કરે છે.

## મહિલા તત્કાલ સહાય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**


શ્રીમતી હંસાબેન જિતેન્દ્રકુમાર શાહ
(બોરીઆવી-હાલ:મહેસાણા)

પરમ પૂજ્ય માતુશ્રી સ્વ.કમળાબેન અને ધર્મનિષ્ઠ, જીવદયા પ્રેમી પિતાશ્રી સ્વ.બાબુલાલ અમથાલાલ શાહ શાહના સુપુત્ર ચિ. જીતેન્દ્રકુમારે (બોરીઆવી–હાલ: મહેસાણા) અમદાવાદ જ્ઞાતિમંડળ સંચાલિત મહિલા તત્કાલ સહાય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપેલ છે. 'સર્વજન સુખાય અને હિતાય'માં માનનારા શ્રી જીતેન્દ્રકુમાર અનેક ધાર્મિક, સામાજીક અને સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. દ્રઢ મનોબળવાળા અને ખુશમિજાજી જીતેન્દ્રકુમારે ૪૭ જ્ઞાતિમંડળ, મહેસાણાના પૂર્વ અને વર્તમાન પ્રમુખ તરીકે દીર્ઘકાલીન સેવાઓ આપી છે. જૈન જાગૃતિ સેન્ટર, મહેસાણાના સેક્રેટરી રહી ચૂક્યા છે. પાલીતાણા સંઘના સંઘપતિ થયેલા અને પૂજ્ય સાધુ–સાધ્વી ભગવંતોના ચોમાસુ પરિવર્તન કરાવીને તેમણે સંપત્તિનો સદ્દમાર્ગે સદ્દુપયોગ કરેલ છે. શ્રી જીતેન્દ્રકુમારના જીવનસંગિની શ્રીમતી હંસાબેને અગાઉ શ્રી ૪૭ જ્ઞાતિમંડળની શુભલગ્ન યોજનામાં રજતસ્તંભના દાતા તરીકે લાભ લીધેલો છે. સફળ ગૃહિણી શ્રીમતી હંસાબેને ૪૭ જ્ઞાતિમહિલા મંડળ, મહેસાણાના મંત્રીપદેથી યુવક–યુવતીઓના પરિચય મેળાનું સફળ આયોજન કરેલું. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિર, મહેસાણાના ટ્રસ્ટી છે.આમ આ દંપતિના પરિવારજનો–સંતાનો તેમના આવા સેવાયજ્ઞમાં સંપૂર્ણ સહયોગ આપે છે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ વિશિષ્ટ પરિવારની ભાવનાની ખૂબ અનુમોદના કરે છે. પરમાત્મા તેમને આવી સમાજસેવા કરવા માટે દિર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના કરે છે. મંડળ તેમનો હાર્દિક આભાર માને છે.

## પરિવાર પત્રિકા સૌજન્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૧૫,૦૦૦/-**


શ્રીમતી હંસાબેન જિતેન્દ્રકુમાર શાહ
(બોરીઆવી-હાલ:મહેસાણા)

પરમ પૂજ્ય માતુશ્રી સ્વ.કમળાબેન અને ધર્મપ્રિય, જીવદયા પ્રેમી પિતાશ્રી સ્વ.બાબુભાઈ અમથાલાલ શાહના સુસંસ્કારો પામેલા, બહુમુખી પ્રતિભા ધરાવનાર શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહે (બોરીઆવી–હાલ:મહેસાણા) તેમના સહધર્મચારિણી અ.સૌ.શ્રીમતી હંસાબેનના નામે અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા પ્રકાશિત "પરિવાર પત્રિકા" ના કાયમી સૌજન્ય દાતા તરીકે રૂા.૧૫૦૦૦/–નું દાન આપી તેમના કુળનું ગૌરવ વધાર્યું છે. મહેસાણા જ્ઞાતિમંડળમાં દીર્ઘકાળથી સેવા આપી રહેલા શ્રી જીતેન્દ્રકુમારના નેતૃત્વ હેઠળ ૭ સમૂહ લગ્નો સંપન્ન થયેલા. સર્વોદય કો. ઓપ. બેન્ક, મહેસાણાના ડિરેક્ટર, સાધર્મિક સેવા સંઘના સલાહકાર, એનીમલ હેલ્પ લાઈન, મહેસાણાના ટ્રસ્ટી તરીકે સેવા આપેલી છે. મહેસાણામાં શ્રી સિમંધર તીર્થની પેઢી, શ્રી ઉપનગર જૈન સંઘ, શ્રી મુનિસુવ્રત જૈન સંઘ, શ્રી મનોરંજન પાર્શ્વનાથની પેઢી, ઉપાશ્રય વગેરેમાં આર્થિક સહયોગ આપેલો છે. તેમણે વાસુપૂજ્ય સ્વામી જિનાલયની ધજા ચડાવવાનો લાભ લીધેલો છે. બોરીઆવીમાં મસિયા મહાદેવ ખાતે ચબૂતરો અને પ્રાથમિક શાળામાં પરબ બનાવી આપેલ છે. આવા અનેક સત્કાર્યો કરનારા, ઉદારદિલ શ્રી જીતેન્દ્રકુમારે ૪૭ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" દ્વારા સમાજના બધા સમાચાર મળે તે હેતુથી દાન આપીને ઉમદા કાર્ય કર્યું છે તે બદલ તેમને મંડળ ખૂબ અભિનંદન આપે છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ આભારની લાગણી વ્યક્ત કરે છે.

## મેડિકલ સહાય ક્ષેત્રે દાન- ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



સ્વ.વિમળાબેન બાબુલાલ ગાંધી
(રણુંજ-હાલ:અમદાવાદ)

સ્વર્ગસ્થ શ્રી બાબુલાલ રસિકલાલ ગાંધી (રણુંજ–હાલ:અમદાવાદ) અને સ્વર્ગસ્થ શ્રી વિમળાબેન બાબુલાલ ગાંધીના પરિવારે તેમના સદ્‌ગત માતુશ્રી વિમળાબેનની પુણ્યસ્મૃતિમાં અને તેમના અનંત ઉપકારોનું યત્કિંચિત ઋણ ચૂકવવા અમદાવાદ જ્ઞાતિમંડળના મેડિકલ સહાય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપ્યું છે. પૂજ્ય માતા–પિતાએ આપેલા સુસંસ્કારોનો વારસો મળ્યો છે તે માટે આ પરિવાર ધન્યતા અનુભવે છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' અને 'જન સેવા એ જ પ્રભુ સેવા'માં માનનારા શ્રી જિતેન્દ્રભાઈ વ્યવસાયે ડોક્ટર છે. તેમના જીવનસંગિની અ.સૌ.શ્રીમતી મનીષાબેન પણ ડોક્ટર છે. તેમના પરિવારજનોમાં સર્વશ્રી હસમુખભાઈ અને તેમનાં ધર્મપત્ની રીટાબેન, શ્રી જયેશભાઈ અને તેમના ધર્મપત્ની બેલાબેન, શ્રી પંકજભાઈ અને તેમના ધર્મપત્ની નીલમબેન તથા શ્રી પ્રદીપભાઈ અને તેમના ધર્મપત્ની નેહાબેન છે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ દાતા પરિવારની જ્ઞાતિજનો પ્રત્યેની શુભલાગણીની કદર કરીને તેમની અનુમોદના કરે છે અને તેમનો ખૂબ આભાર માને છે.

## પરિવાર પત્રિકા સૌજન્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૧૫,૦૦૦/-



સ્વ.શ્રી બાબુલાલ રસિકલાલ ગાંધી
(રણુંજ-હાલ:અમદાવાદ)

સ્વ.શ્રી બાબુલાલ રસિકલાલ ગાંધી (રણુંજ–હાલ:અમદાવાદ) અને સ્વર્ગસ્થ શ્રી વિમળાબેન બાબુલાલ ગાંધીના સુપુત્ર ચિ.પ્રદીપભાઈ ગાંધીએ તેમના સદ્‌ગત પિતાશ્રી બાબુલાલ ગાંધીના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના પરિવાર પત્રિકાના સૌજન્યદાતા તરીકે રૂા.૧૫૦૦૦/–નું દાન આપી પિતૃઋણ અદા કર્યું છે. વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી પ્રદીપભાઈના માનવા પ્રમાણે માતા–પિતાના ઉપકારોનું ઋણ ચૂકવવા દેવો પણ અસમર્થ હોય છે. તેમના પિતાશ્રી ઘર દેરાસરમાં પ્રભુભક્તિ કરતા. પૂ.સાધુ–સાધ્વી ભગવંતોની સારી વૈયાવચ્ચ કરતા. સાધર્મિકજનોને ગુપ્ત સહાય કરતા. સંયુક્ત કુટુંબની ભાવનાવાળા, સેવાભાવી તેમના માતુશ્રી પણ પૂ. સાધુ–સાધ્વી ભગવંતોની ખૂબ વૈયાવચ્ચ કરતા. ઘર ગૃહસ્થીમાં યથાશક્તિ સહાય કરતા. કોઈ દેખાડો કે અપેક્ષા નહિ. આમ તેમના માતા–પિતાના સંસ્કારો, કરુણા અને પરોપકારની ભાવના, તેમને બધા ભાઈઓ–પરિવાર જનોને આજે પણ સન્માર્ગે ચાલવાની પ્રેરણા આપે છે. શ્રી પ્રદીપભાઈને તેમના કુટુંબીજનો અ.સૌ. શ્રીમતી નેહાબેન અને ચિ.મીત તેમના આવા સત્કાર્યોમાં સુંદર સહયોગ આપે છે. અમદાવાદ જ્ઞાતિમંડળ તેમનો ખૂબ ખૂબ આભાર માની અનુમોદના કરે છે.

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૧,૦૦૦/-



ભરતકુમાર ચંપકલાલ શાહ
(પિંઢારપુરા - હાલ - ટોરેન્ટો,કેનેડા)

શ્રી.ભરતભાઇ શાહે (પિંઢારપુરા – હાલ – ટોરેન્ટો,કેનેડા) અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક સહાય ક્ષેત્રે રૂા.૨૧૦૦૦/– નું દાન આપેલ છે.તેમના પૂ.પિતાશ્રી સ્વ.ચંપકલાલ મગનલાલ શાહ અને પૂ.માતૃશ્રી સ્વ.શાન્તાબેને આપેલા સંસ્કારો થકી તેમજ વર્તમાનયુગમા શિક્ષણનું મહત્વ સમજેલા શ્રી.ભરતભાઇએ જ્ઞાતિના વિદ્યાર્થીઓ ભણીગણીને પ્રગતિ કરે તેવા આશયથી શૈક્ષણિક ક્ષેત્રે દાન આપ્યું છે. કહેવાયછે કે પતિની ઉન્નતિ પાછળ પત્નીનું સમર્પણ હોય છે તે ન્યાયે શ્રી.ભરતભાઇ તેમના પત્ની સ્વર્ગસ્થ રેખાબેનની પ્રેરણા અને સાથ–સહકારથી પ્રગતિ કરી શક્યાછે. સ્વ .રેખાબેન ધાર્મિક, શાંતિપ્રિય, ઉદારદિલ, સરળ અને લાગણીશીલ હતા. હાલમાં શ્રી ભરતભાઇ તેમના સુપુત્ર ચિ. જિજ્ઞેષ , પુત્રવધૂ ચિંતલ અને પૌત્ર રીયાન સાથે કેનેડા નિવાસ કરેછે. અમદાવાદ જ્ઞાતિમંડળ તેમનો ખૂબ આભાર માને છે અને અનુમોદના કરેછે.

## મેડિકલ સહાય ક્ષેત્રે દાન- ફંડ-ભેટ

રૂા.૨૧૧૧૧/-



આરવ પ્રતિકકુમાર શાહ
(બોરીઆવી-હાલ:અમદાવાદ)

શ્રી પ્રતિકકુમાર વિજયકુમાર કનુભાઈ શાહે (બોરીઆવી–હાલ:અમદાવાદ) તેમના સુપુત્ર ચિ.આરવ ના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના મેડિકલ સહાય ફંડમાં રૂા.૨૧૧૧૧/–નું દાન અર્પણ કરેલ છે. શ્રી પ્રતિકકુમાર રોડ સેફ્ટી પ્રોડક્ટનો વ્યવસાય કરે છે. ડેપ્યુટી ડાયરેક્ટર પદેથી નિવૃત્ત થયેલા તેમના પિતાશ્રી વિજયકુમાર હાલમાં અમદાવાદ જ્ઞાતિ મંડળનું પ્રમુખ પદ શોભાવી રહ્યા છે. તેમણે તેમના તમામ કુટુંબીજનોના નામે અમદાવાદ મંડળની અલગ અલગ સહાય યોજનાઓમાં દાન આપીને ધનનો સદુપયોગ કર્યો છે. પૂના, મુંબઈ, વડોદરા, મહેસાણાના જ્ઞાતિમંડળોમાં પણ આર્થિક સહયોગ આપેલો છે. બોરીઆવીમાં મસિયા મહાદેવના જિર્ણોધ્ધાર માટે તથા એક રૂમ માટે દાન આપેલ છે. શંખેશ્વર જહાજમંદિરે એક રૂમ માટે દાન કરેલ છે. મહેન્દ્રપૂરમ તીર્થે તેમણે વિજય ચિંતામણિ પાર્શ્વનાથ તેમજ પદ્માવતી માતાજીની પ્રતિમા ભરાવવાનો અને પ્રતિષ્ઠાનો લાભ લીધો હતો. તેમણે અનેક પાંજરાપોળોમાં આર્થિક સહયોગ આપેલો છે. શ્રી પ્રતિકકુમારના દાદા સ્વ.શ્રી કનુભાઈ અને દાદી શ્રી મંજુલાબેન આજીવન સરળ, વ્યવહારુ અને નિરાભિમાની રહ્યાં છે. શ્રી પ્રતિકકુમારના માતૃશ્રી શ્રીમતી બેલાબેન પણ અમદાવાદ મહિલા મંડળમાં સક્રિય રહે છે અને આર્થિક યોગદાન આપે છે. શ્રી પ્રતિકકુમારનાં ધર્મપત્ની કુશાલીબેન કુશળ ગૃહિણી છે અને કીયાન અને આરવ તેમનાં સંતાનો છે. તેમના બહેન અ.સૌ. વૃધ્ધિબેન મિતુલકુમાર શાહ છે. શ્રી વિજયકુમારની ઘણી બધી સમાજ સેવાઓ અને સત્કાર્યોમાં તેમનો પરિવાર સંપૂર્ણ સહકાર આપે છે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ પરિવારનો આભાર માને છે અને અનુમોદના કરે છે.

---

રૂા.૨૧૧૧૧/-



શ્રીમતી સોનલબેન મુકેશભાઈ શાહ
(ઉનાવા-હાલ:અમદાવાદ)

શ્રી મુકેશકુમાર સુમતિલાલ બુલાખીદાસ શાહે (ઉનાવા–હાલ:અમદાવાદ) તેમના સહધર્મચારિણી સ્વર્ગસ્થ સોનલબેનની પુણ્યસ્મૃતિમાં અમદાવાદ જ્ઞાતિ મંડળના મેડિકલ સહાય ક્ષેત્રે રૂા.૨૧૧૧૧/–નું દાન અર્પણ કરીને સ્વ.સોનલબેનના આત્મશ્રેયાર્થે શ્રધ્ધાંજલિ આપી છે. શ્રી મુકેશભાઈ હાલમાં અમદાવાદ જ્ઞાતિમંડળના કાર્યાલયમાં નિષ્ઠાપૂર્વક સેવા આપી રહ્યા છે. સ્વ. રમણલાલ જોઈતાલાલ શાહ (ભાલકહાલ–હાલ:હૈદ્રાબાદ) ના સુપુત્રી ચક્ષુદાતા સ્વ.સોનલબેન સંયુક્ત કુટુંબના આગ્રહી, સરળ અને મળતાવડા હતા. આ ધર્માનુરાગીએ નવ આયંબિલ ઓળી, બે વર્ષીતપ, ઉપધાનતપ, અઠ્ઠાઈ, પાલીતાણા મુકામે ચાતુર્માસ કરેલ. ઘરડાઘરમાં અને જીવદયા ક્ષેત્રે આર્થિક સહયોગ આપતા. શ્રી મુકેશભાઈએ પણ સિધ્ધિતપ, શેત્રુંજય તપ, વીસસ્થાનક તપ અને અઠ્ઠાઈ કરેલાં છે. તેમના પરિવારજનો સુપુત્ર ચિ.દિવ્યેશ અને પુત્રવધૂ કિંજલબેન તથા સુપુત્ર ચિ.મૌલિક અને પુત્રવધૂ અંકિતાબેન તેમને આવા ધર્મકાર્ય અને સત્કાર્યમાં સુંદર સહકાર આપે છે. વર્તમાનકાળની મોંઘી મેડિકલ સારવારને અનુલક્ષીને તેમણે મેડિકલ સહાયમાં દાન આપવાનું વધુ ઉચિત માન્યું છે. અમદાવાદ જ્ઞાતિમંડળ તેમની ભાવનાની કદર કરીને તેમનો આભાર અને અનુમોદના કરે છે.

## સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.લીલાવતીબેન ભાઈલાલભાઈ ગાંધી
(મોઢેરા-હાલ:મુંબઈ)

સ્વ.લીલાવતીબેન ભાઈલાલભાઈ ગાંધી અને સ્વ.ભાઈલાલભાઈ પોપટલાલ ગાંધી (મોઢેરા–હાલ:મુંબઈ) ના પરિવારે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપીને માતા–પિતાનું ઋણ અદા કર્યું છે. તે બદલ ધન્યવાદ. સ્વ.શ્રી ભાઈલાલભાઈએ નાની વયે મુંબઈ આવીને, સંયુક્ત કુટુંબને સાથે રાખીને હાર્ડવેરનો વ્યવસાય કરીને પ્રગતિ કરેલી. મોઢેરા જૈન સંઘમાં દાન ધર્માદા કરતા. પાલીતાણાની સહકુટુંબ જાત્રા કરાવેલી. ધર્મનિષ્ઠ સ્વ.લીલાવતીબેને ૯૯ જાત્રા, ઉપધાનતપ, વર્ષીતપ વગેરે કરેલા. તેમના સુપુત્રો ચિ. અતુલભાઈ, પુત્રવધૂ સંગીતા તથા ચિ.જયેશભાઈ, પુત્રવધૂ દિપીકા અને સુપુત્રી ચિ.મીતા અને તેમના બહોળા કુટુંબે માતા–પિતાના સ્મરણાર્થે સાધર્મિક સહાય માટે દાન આપ્યું તે બદલ અમદાવાદ મંડળ તેમનો ખૂબ આભાર માનીને અનુમોદના કરે છે.

---

**રૂા.૨૧૦૦૦/-**



ઊર્મિલાબેન જસવંતભાઈ ગાંધી
(મોઢેરા-હાલ-મુંબઈ)

શ્રી.જશવંતલાલ જયંતિલાલ ગાંધીએ (મોઢેરા–હાલ–મુંબઇ) તેમના સહધર્મચારિણી અ.સૌ. ઉર્મિલાબેનના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/– નું દાન આપેલછે. વ્યવસાયે શ્રી.જશવંતલાલ (B.E.)Civil Engineer છે.અને તેમના પત્ની ઉર્મિલાબેન M.Sc. થયેલા છે.આમ બંને Highly Educated છે અને તેમનો સુપુત્ર ચિ.બીરેન Computer Engineer થઈને હાલમાં અમેરિકા સ્થાયી થયેલ છે. શ્રી.જશવંતલાલની દીકરી ચિ.બીજલ C.A.છે. શ્રી.જશવંતલાલ બોરીવલી મિત્રમંડળમાં છેલ્લા ૨૫ વર્ષથી ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાછે. મુંબઇ જ્ઞાતિમંડળના નેજા હેઠળ તેઓ સમૂહ સાંજી , તપસ્વી બહુમાન વગેરેમાં વર્ષોથી સક્રિય છે.મોઢેરા પાંજરાપોળમાં યથાશક્તિ આર્થિક સહયોગ આપેલ છે. શ્રી.ઉર્મિલાબેન પણ સમાજ સેવા, સત્કાર્ય અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સક્રિયછે.ધાર્મિક સંસ્કાર પામેલ ચિ.બીરેન અમેરિકામાં આયંબીલની ઓળી અને અઠ્ઠમ તપ કરેછે અને ત્યાંના જૈનસંઘમાં સેવા આપે છે.શ્રી.ઉર્મિલાબેન જશવંતલાલનો સમગ્ર પરિવાર તેમના સત્કાર્યમાં સદા સહયોગ આપેછે.તેમની અનુમોદના કરીને ,અમદાવાદ જ્ઞાતિમંડળ તેમનો ખૂબ આભાર માનેછે.

## સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



શ્રીમતી દક્ષાબેન રમેશચંદ્ર ગાંધી
(મોઢેરા-હાલ-મુંબઇ)

શ્રી.રમેશચંદ્ર પોપટલાલ ગાંધીએ (મોઢેરા–હાલ–મુંબઇ) તેમના જીવનસંગિની અ.સૌ.દક્ષાબેનના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપ્યું છે.શ્રી.રમેશચંદ્ર ગાંધી મુંબઇના જ્ઞાતિમંડળના નેજા હેઠળ ૫૦ વર્ષથી–ત્રણ સ્પે.યાત્રા પ્રવાસ , સમૂહ લગ્નોત્સવ,સમૂહ સાંજી તપસ્વી બહુમાન વગેરે દ્વારા સેવા આપી રહ્યા છે.વડોદરા ખાતે જ્યારે સુડતાલીસ જ્ઞાતિમંડળની રચના કરવામાં આવેલી ત્યારે માનદ્ મંત્રી તરીકે સેવા આપેલી. શ્રીમતી દક્ષાબેન પણ ઘણા વર્ષોથી મુંબઇ મહિલા મંડળ અને બોરીવલી મહિલા મંડળમાં સક્રિય છે. તેમના સુપુત્ર ચિ.ભદ્રેશ , પુત્રવધૂ હેમાલી તેમજ સુપુત્રીઓ ચિ.સોનલ અને ચિ.કાનન તેમના માતા–પિતાના સમાજસેવાના સર્વે કાર્યોમાં સુંદર સહયોગ આપેછે. સાધર્મિક જ્ઞાતિજનોને સહાય કરવા બદલ અમદાવાદ જ્ઞાતિમંડળ તેમની અનુમોદના કરીને ખૂબ આભાર માનેછે.

---

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.ચંપાબેન સેવંતીલાલ શાહ
(ભાલક)

સ્વર્ગસ્થ ચંપાબેન સેવંતીલાલ શાહ અને સ્વર્ગસ્થ સેવંતીલાલ લહેરચંદ શાહ (ભાલક) આ દંપતિ નિ:સંતાન હતા. ચંપાબેને અંતિમ સમય આવે તે પૂર્વે , તેમની હયાતી ન હોય ત્યારે તેમની સંપત્તિનો વહીવટ, તેમના બનેવી સ્વ. ભાઇલાલભાઇ પોપટલાલ ગાંધી (મોઢેરા) ને સોંપેલો.સ્વ.ભાઇલાલભાઇ અને તેમના પરિવારે તે મુજબ મોઢેરા ભોજનશાળામાં ટેબલ–ખુરશી તથા થાળી–સેટ આપેલ. ધર્મ વિહાર ધામ ભાલક તીર્થમાં આર્થિક સહયોગ આપેલ. આ ઉપરાંત સ્વ.ચંપાબેન સેવંતીલાલ શાહ ના નામે જૈન સંઘોમાં અને ધાર્મિક સંસ્થાઓમાં દાન આપેલાં.તે જ રીતે તેમણે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક સહાય ફંડમાં સ્વ.ચંપાબેન સેવંતીલાલની પુણ્યસ્મૃતિમાં જ્ઞાતિજનોને ખાદ્યસામગ્રી પેટે રૂા.૨૧૦૦૦/– નું દાન આપ્યું છે તે નોંધપાત્ર છે.પરમાત્મા આ બંનેના આત્માને પરમ શાંતિ આપે તેવી અમદાવાદ જ્ઞાતિમંડળ પ્રાર્થના કરેછે. અને અનુમોદના કરેછે.

## સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.સૂર્યકાન્તભાઈ કેશવલાલ શાહ
(ઉનાવા)

સ્વ.ચંદનબેન કેશવલાલ શાહ અને સ્વ.કેશવલાલ કાળીદાસ શાહ (ઉનાવા)ના સુપુત્ર શ્રી સૂર્યકાન્તભાઈનો તા.૧૦–૦૧–૨૦૨૪ના રોજ સ્વર્ગવાસ થયેલો. સદ્ગત પિતાશ્રીની પ્રથમ વાર્ષિક તિથિએ, તેમની પુણ્યસ્મૃતિમાં તેમની સુપુત્રી ચિ. સાધનાબેને અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં ખાદ્ય સામગ્રી પેટે રૂા.૨૧૦૦૦/– નું દાન આપીને પિતૃભક્તિ દર્શાવી છે. શ્રી સૂર્યકાન્તભાઈ હયાત હતા ત્યારે અને તેમના સ્વર્ગવાસ પછી પણ આ પરિવારે, કોઈ જ પ્રસિદ્ધિની અપેક્ષા રાખ્યા વિના મંડળને દર વર્ષે પ્રસંગોપાત દાન આપેલા છે. સંગીત પ્રેમી અને અનોખું વ્યક્તિત્વ ધરાવનાર શ્રી સૂર્યકાન્તભાઈ અલગારી જીવ હતા. તેમના પરિવારજનોમાં તેમના સુપુત્રો ચિ.કેતનભાઈ અને સ્વ.ધર્મેન્દ્રભાઈ તથા સુપુત્રીઓ ચિ.સાધનાબેન અને ચિ.ગીતાબેન છે. પરમાત્મા શ્રી સૂર્યકાન્તભાઈના આત્માને પરમ શાન્તિ બક્ષે તેવી અમદાવાદ જ્ઞાતિમંડળ પ્રાર્થના કરે છે અને આ ઉદારદિલ કુટુંબનો આભાર માને છે.

## મેડિકલ સહાય ક્ષેત્રે દાન- ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



શ્રીમતી ભાનુમતિબેન સુરેશચંદ્ર શાહ
(બોકરવાડા-હાલ:અમદાવાદ)

શ્રી સુરેશચંદ્ર માધવલાલ શાહ (બોકરવાડા–હાલ:અમદાવાદ) તેમના ધર્મપત્ની અ.સૌ. શ્રીમતી ભાનુમતિબેનના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના મેડિકલ સહાય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપેલ છે. સરકારી ખાતામાં અધિકારી તરીકે સેવા આપીને શ્રી સુરેશચંદ્ર વય નિવૃત્ત થયેલા છે.તેમના સહધર્મચારિણી શ્રી ભાનુમતિબેન પણ બેન્કમાં સેવા આપીને વય નિવૃત્ત થયેલા છે. શ્રી સુરેશચંદ્રે તેમના શ્રી સંઘમાં ૩૦ વર્ષથી સેક્રેટરી તરીકે સેવા આપી છે. ઉપાશ્રય, આયંબિલ શાળા વગેરેમાં યથાશક્તિ આર્થિક સહયોગ આપેલ છે. તેમણે તેમના શ્રી સંઘમાંથી સોનગઢથી પાલિતાણાનો છ'રિ પાલિત સંઘ કાઢેલો. વતન શ્રી બોકરવાડામાં તેમણે આરાધના ભવનના મુખ્ય દાતા તરીકે લાભ લીધેલો. બોકરવાડા ગામની "વંશાવલિ" નામની પુસ્તિકા પ્રકાશિત કરાવેલી. આ દંપતિએ હંમેશા સામાજિક, તેમજ ધાર્મિક સત્કાર્યોમાં લાભ લીધા છે. તેમની Highly Educated બંને સુપુત્રીઓ હાલમાં અમેરિકા સ્થાયી થયેલ છે. આ પરિવારે જ્ઞાતિજનો માટે દાન આપીને લાગણી બતાવી છે તે બદલ અમદાવાદ જ્ઞાતિમંડળ તેમની ખૂબ અનુમોદના કરીને આભાર માને છે.

---

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.કંચનબેન હરખચંદ શાહ
(બોકરવાડા-હાલ:અમદાવાદ)

સ્વર્ગસ્થ કંચનબેન હરખચંદ શાહ (બોકરવાડા–હાલ:અમદાવાદ) ના પરિવારે તેમના સદ્ગત માતા–પિતાની પુણ્ય સ્મૃતિમાં અમદાવાદ જ્ઞાતિમંડળના મેડિકલ સહાય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન કરીને માતા–પિતાના ઉપકારોનું ૠણ અદા કર્યું છે. સ્વ. શ્રી હરખચંદ શાહનો પરિવાર ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલો છે. આ પરિવારે ધર્મ ક્ષેત્રે પુણ્ય ઉપાર્જનનાં ઘણાં સત્કાર્યો કરેલાં છે. કૃષ્ણનગર મહાસુખનગરના જિનાલયે મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવેલી. કૃષ્ણનગરમાં મુનિસુવ્રત સ્વામીના દેરાસરમાં પદ્માવતી માતા તથા ગૌતમ સ્વામીની પ્રતિમા બેસાડેલી તથા ત્યાં તેમના તરફથી કાયમી અખંડ દીવા માટે આર્થિક સહયોગ આપેલો છે. ચૈત્ર માસની આયંબિલની કાયમી ઓળીના તેઓ લાભાર્થી છે. તેમના શ્રી સંઘમાં દર વર્ષે મહાવીર જયંતિ પ્રસંગે લાડવાની પ્રભાવનાના લાભાર્થી છે. અમદાવાદ જ્ઞાતિમંડળ સ્વ.કંચનબેન હરખચંદ શાહના સુપુત્રો ચિ. પ્રફુલ્લભાઈ, સ્વ.મુકેશભાઈ અને ચિ.પ્રશાંતભાઈ આ સર્વેનો તેમના ધર્મપ્રિય માતા–પિતાના આત્મશ્રેયાર્થે કરેલા દાનની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે અને તેમનો ખૂબ આભાર માને છે.

## સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૫૦૦૦/-**



શ્રી રસીકલાલ મંગળદાસ શાહ
(મગુના-હાલ-દુબઇ)

શ્રી.રસિકલાલ મંગળદાસ શાહે (મગુના–હાલ–દુબઇ) તેમના ધર્મપત્ની સ્વર્ગસ્થ મંજુલાબેનની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૫૦૦૦/–નું દાન કરેલછે.પરમાત્મા સ્વ.મંજુલાબેનના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના નાની વયે મુંબઇમાં સ્થાયી થયેલા રસિકભાઇએ મલાડ–ગોરેગાંવ જ્ઞાતિમંડળની સ્થાપના કરેલી અને ૧૦ વર્ષ સેવા આપેલી. તેમણે ૪૭ જ્ઞાતિના ગામોનાં જિનાલયોના ફોટા સાથેનું પુસ્તક તૈયાર કરાવીને સમગ્ર જ્ઞાતિમાં વહેંચેલું. અમદાવાદ જ્ઞાતિ મંડળમંડળ તેમની સમાજસેવા બદલ ખૂબ આભાર માને છે.

## મેડિકલ સહાય ક્ષેત્રે દાન- ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



શ્રીમતી વસુમતીબેન કેશવલાલ ગાંધી
(રણુંજ-હાલ:અમદાવાદ)

શ્રી મયૂરભાઈ કેશવલાલ ડાહ્યાલાલ ગાંધી (રણુંજ–હાલ:અમદાવાદ)એ તેમના સ્વર્ગસ્થ માતુશ્રી વસુમતિબેનના આત્મશ્રેયાર્થે અમદાવાદ જ્ઞાતિમંડળના મેડિકલ સહાય ક્ષેત્રે રૂા.૨૧૦૦૦/–નું દાન આપીને માતૃૠણ અદા કર્યું છે. અગાઉ અમદાવાદ મંડળમાં સલાહકાર તરીકે સેવા આપેલા શ્રી મયૂરભાઈ હાલમાં અત્રે ટ્રસ્ટી મંડળમાં સક્રિય છે. ઈન્ડસ્ટ્રીયલ રબર પાર્ટસના વ્યવસાયમાં છે. તેઓ ધર્મરસિક વાટિકા, વાસણા ખાતે છેલ્લા ૧૫ વર્ષથી ટ્રસ્ટી છે. તદુપરાંત માણેકપુર ખાતે શ્રી સિધ્ધાચલમ્ અને ગિરનાર તીર્થમાં સેવા આપે છે. વતન રણુંજના શ્રી જૈન સંઘમાં વર્ષોથી ટ્રસ્ટી છે. સદ્ગત વસુમતીબેન કુટુંબ વત્સલ, પરોપકારી, સરળ હતાં. પૂ. સાધુ–સાધ્વી ભગવંતોની ખૂબ વૈયાવચ્ચ કરતા. તેમણે આપેલા સંસ્કારો અને ઉપકારોથી પ્રેરિત શ્રી મયુરભાઈએ અમદાવાદ જ્ઞાતિમંડળને આપેલા દાન બદલ તેમનો ખૂબ આભાર માની અનુમોદના કરે છે.

## સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.જયંતીલાલ મંગળદાસ શાહ
(લણવા-હાલ:અમદાવાદ)

સ્વર્ગસ્થ શ્રી જયંતિલાલ મંગળદાસ શાહ (લણવા–હાલ:અમદાવાદ)ના સુપુત્ર ચિ. શ્રી સુબોધભાઈએ સદ્ગત પિતાજીની પુણ્યસ્મૃતિમાં અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપીને પિતૃૠણ અદા કર્યુ છે તે બદલ અભિનંદનને પાત્ર છે. હાલમાં શ્રી સુબોધભાઈ અમદાવાદ જ્ઞાતિમંડળમાં સલાહકાર તરીકે સેવા આપે છે. તેઓ વાઘ–બકરી ગ્રુપના Export વિભાગમાં Director છે. મિતભાષી, લાગણીશીલ એવા શ્રી સુબોધભાઈ જૈન લોટસ ગ્રુપ અને જૈન એલાઈટ ગ્રુપના મેમ્બર છે અને ખરેખર elite છે. તેમના ભાઈ બહેનોમાં શ્રી ભરતભાઈનો પરિવાર, જ્યોતિબેન વસંતભાઈનો પરિવાર, સુરેખાબેન દિલીપકુમાર વોરાનો તથા રંજનબેન પંકજકુમાર શાહનો પરિવાર છે. અમદાવાદ જ્ઞાતિમંડળ શ્રી સુબોધભાઈની સાધર્મિકો પ્રત્યેની સહૃદયતાની કદર કરીને તેમની અનુમોદના કરે છે અને તેમનો આભાર માને છે.

---

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.ચંદ્રિકાબેન રસીકલાલ શાહ
(બલોલ-હાલ-અમદાવાદ)

માતુશ્રી.સ્વ.શાન્તાબેન અને પિતાશ્રી સ્વ.મફતલાલ શાહના સુપુત્રશ્રી.રસિકલાલ શાહે (બલોલ–હાલ–અમદાવાદ) તેમના ધર્મપત્ની સ્વર્ગસ્થ ચંદ્રિકાબેનની પુણ્યસ્મૃતિમાં અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/– નું દાન આપેલછે. સ્વ.ચંદ્રિકાબેને વર્ષીતપ,ઓળી તથા અઠ્ઠાઇ વગેરે તપશ્ચર્યા કરેલી. તેઓ સરળ સ્વભાવના હતા.હાલ નિવૃત્ત શ્રી. રસિકલાલે મણીનગર જૈન સંઘમાં ઘંટાકર્ણવીરની પ્રતિમાની દેરી સ્થાપનનો લાભ લીધેલો. તેઓ ત્યાં નૂતનભવનમાં વ્યાખ્યાન હોલના દાતા છે.વતન બલોલના દેરાસરના જિર્ણોધ્ધારમાં યથાશક્તિ આર્થિક સહયોગ આપ્યો છે. તેમના બે સુપુત્રો ચિ. અજયભાઇ, પુત્રવધૂ સોનલબેન ચિ. રાકેશભાઇ , પુત્રવધૂ અલકાબેન, પૌત્રીઓ–પક્ષાલી,નેત્રા,હિમાંશી,તનિશા,સુપુત્રી બીનીતાબેન દેવાંગકુમાર, દૌહિત્રીઓ–પિન્કુ,જિનાક્ષી–આ સૌ પરિવારજનો રસિકલાલના સેવાકાર્યોમાં સંપૂર્ણ સહયોગ આપે છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ આ પરિવારની ખૂબ અનુમોદના કરીને આભાર વ્યક્ત કરેછે.

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



સ્વ. તારાબેન છગનલાલ શાહ
(કમાણા-હાલ-અમદાવાદ)

શ્રી રમેશભાઈ છગનલાલ શાહ (કમાણા–હાલ:અમદાવાદ)એ તેમના સ્વર્ગસ્થ માતુશ્રી તારાબેનના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક સહાય ક્ષેત્રે માતાના આત્મ શ્રેયાર્થે રૂા.૨૧૦૦૦/–નું દાન આપી માતૃઋણ ચૂકવ્યું છે.શ્રીરમેશભાઇના સ્વર્ગસ્થ પિતાશ્રી છગનલાલે (ઉર્ફે મંગળદાસ) કમાણા ગામના સર્વાંગી વિકાસમાં ખૂબ યોગદાન આપેલ. સ્વ.તારાબેન અત્યંત સરળ , આતિથ્ય–સત્કારની ભાવના વાળા, કુટુંબ–વત્સલ હતા.તેમની ૩ દીકરીઓ સ્વ.સુભદ્રાબેન શાન્તિલાલ જે.શાહ (ઉનાવા),સ્વ.મંજુલાબેન ચિનુભાઇ જે.શાહ (ઉનાવા) અને સ્વ.પદ્માબેન મહેન્દ્રકુમાર (ભાલક).સ્વ.સુભદ્રાબેન અને સ્વ.શાન્તિલાલ–બંને તપસ્યા કરનાર , ધર્માનુરાગી હતા અને સાધુ–સાધ્વીની વૈયાવચ્ચ કરતા. શ્રી .રમેશભાઇ અને તેમના પત્ની આશાબેન અમદાવાદ જ્ઞાતિમંડળમાં ઘણા વર્ષોથી કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યાછે.તેમનો સુપુત્ર ચિ. સ્નેહલકુમાર સહકુટુંબ અમેરિકા સ્થાયી થયેલછે.તેમની સુપુત્રી ચિ.ઝંખના અને સુપુત્ર સ્નેહલકુમાર માતા–પિતાને સમાજસેવાના સર્વ કાર્યોમાં સંપૂર્ણ સહકાર આપેછે. અમદાવાદ જ્ઞાતિમંડળ તેમનો આભાર માનેછે.

## પરિવાર પત્રિકા સૌજન્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



સ્વ.બેલાબેન ભરતભાઈ શાહ
(રણુંજ-હાલ-મુંબઇ)

અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા પ્રકાશિત મુખપત્ર 'પરિવાર–પત્રિકા' દ્વારા દેશ–વિદેશમાં રહેતા આપણા જ્ઞાતિજનોને સમાજના સર્વ સમાચારોથી માહિતગાર કરવામાં આવેછે. સાથે સાથે જ્ઞાતિજનોને એક પરિવારની જેમ સાંકળે છે. આ માધ્યમનો લાભ શ્રી. ભરતભાઈ કેશવલાલ ડાહ્યાલાલ ગાંધીએ (રણુંજ–હાલ–મુંબઇ) તેમના સ્વર્ગસ્થ ધર્મપત્ની બેલાબેનના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના "પરિવાર–પ્રકાશન" ના કાયમી સૌજન્ય દાતા તરીકે રૂા.૧૫૦૦૦/– નું દાન આપીને લીધો છે. અને સ્વ.બેલાબેનની યાદગીરી કાયમ કરીછે. શ્રી ભરતભાઈ Listed Company માં CFO તરીકે Job કરી રહ્યા છે.તેઓ શ્રી. સુડતાલીસ જ્ઞાતિ જૈન મિત્ર મંડળ, બોરીવલીમાં ૧૬ વર્ષથી ટ્રસ્ટી છે.તેમના પુત્રવધૂ શ્રીમતી ધનવીબેન મિતુલભાઈએ વર્ષીત્તપ, ઉપધાન, ધર્મચક્ર તપ અને માસક્ષમણ કરેલા છે. વર્ધમાન તપની ઓળીનો પાયો નાખેલોછે.શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા વગેરે દ્વારા સતત ધર્મમય રહેછે. શ્રી.ભરતભાઇના સુપુત્ર ચિ. અર્ચિતભાઇ , પુત્રવધૂ હિરલબેન , તથા સુપુત્ર ચિ. મિતુલભાઇ , પુત્રવધૂ ધનવીબેન સૌ તેમને સત્કાર્યોમાં સહયોગ આપેછે. અમદાવાદ જ્ઞાતિમંડળ આ પરિવારની ખૂબ અનુમોદના કરીને આભાર માનેછે.

## સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



સ્વ.નવીનચંદ્ર ચંદુલાલ શાહ
(બોકરવાડા-હાલ: અમદાવાદ)

સ્વર્ગસ્થ શ્રી. નવીનચંદ્ર ચંદુલાલ (બોકરવાડા–હાલ: અમદાવાદ) અને તેમના ધર્મપત્ની સ્વર્ગસ્થ શ્રી.મંજુલાબેનના આત્મશ્રેયાર્થે ,તેમના સુપુત્ર ચિ. દીપેશભાઇએ અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/– નું દાન આપીને માતા–પિતાનું ઋણ અદા કર્યું છે. બેન્કમાંથી સેવા–નિવૃત્ત થયા પછી શ્રી . નવીનભાઈએ શ્રી મહાવીર શ્રુતિ મંડળના ગ્રંથાલયમાં ૨૫ વર્ષ સુધી સેવા આપેલી. ધર્માનુરાગી શ્રી. મંજુલાબેને ૫૦ અઠ્ઠાઈ, ૨ વર્ષીતપ , સિધ્ધિતપ, વર્ધમાન તપની ૨૫ ઓળી પૂર્ણ કરેલી. દીપેશભાઈના ધર્મપત્ની અ.સૌ.સોનલબેન તેમના સત્કાર્યોમાં સહકાર આપે છે. જ્ઞાતિજનોને સાધર્મિક સહાય કરી તે બદલ ,અમદાવાદ જ્ઞાતિ મંડળ તેમની અનુમોદના કરીને આભાર માને છે.

## સાધર્મિક વાત્સલ્ય ક્ષેત્રે દાન-ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



શ્રીમતી ઈન્દિરાબેન ભદ્રેશભાઈ શાહ
(લાછડી-હાલ:અમદાવાદ)

શ્રી ભદ્રેશભાઈ રસિકભાઈ શાહે (લાછડી–હાલ:અમદાવાદ) તેમના જીવનસંગિની શ્રીમતી ઈન્દિરાબેનના નામે અમદાવાદ જ્ઞાતિ મંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપેલ છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયામાં ૩૬વર્ષ સેવા આપીને નિવૃત્ત થયેલા. શ્રી ભદ્રેશભાઈના ધર્મપત્ની શ્રીમતી ઈન્દિરાબેન ગૃહિણી છે. તેમના બંને સુપુત્રો અને પુત્રવધૂઓ આઈ. ટી. પ્રોફેશનલ છે. તેમનો જ્યેષ્ઠ પુત્ર ચિ. કિન્નર, પુત્રવધૂ હયા અને પૌત્ર ચિ.સ્વર હાલમાં અમેરિકા છે. તેમનો બીજો પુત્ર ચિ. પાર્થ, પુત્રવધૂ દિશિતા અને પૌત્રી ચિ.પ્રાન્શી હાલમાં પૂના છે. શ્રી ભદ્રેશભાઈએ શત્રુંજય તીર્થે બે ચોમાસા રહીને ધર્મ આરાધના કરેલી. ૧૦૮ પાર્શ્વનાથ તીર્થોમાંથી ૧૦૦ પાર્શ્વનાથ તીર્થની યાત્રા કરેલી છે. પૂ. માતુશ્રી સ્વ.ભાનુમતિબેનની પુણ્ય સ્મૃતિમાં તેમણે નરોડા શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ જિનાલયે આરાધના ભવન નિર્માણમાં આર્થિક યોગદાન આપેલું છે. વાસણા ગોદાવરી દેરાસરના ઉપાશ્રયમાં સિદ્ધચક્ર પૂજન ભણાવેલું. ન્યુ વાસણામાં શ્રી અમીઝરા વાસુપૂજ્ય જિનાલયના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તેમણે પૂજન ભણાવેલ અને આયંબિલ શાળામાં આર્થિક યોગદાન આપેલ. સ્વામિનારાયણ પાર્ક – ૧, ન્યુ વાસણામાં શ્રી જોટાવા પાર્શ્વનાથ જિનાલયમાં શત્રુંજય અને ગિરનાર તીર્થના પટ ભરાવેલા છે. અમદાવાદમાં પ્રેરણાતીર્થ દેરાસરના ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠાના લાભાર્થી છે તથા વાસણા શ્રી ગૌતમસ્વામી સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા સામૂહીક ભરાવેલ અને આરાધના ભવનમાં આર્થિક યોગદાન આપેલ છે. આમ ધર્મક્ષેત્રે અનેક યોગદાન આપનાર શ્રી ભદ્રેશભાઈનો અમદાવાદ જ્ઞાતિ મંડળ આભાર માને છે.

રૂા.૨૧૦૦૦/-



સ્વ. પ્રિયંકકુમાર દિલીપકુમાર શાહ
(ખરોડ-હાલ:અમદાવાદ)

શ્રી દિલીપકુમાર જેઠાલાલ શાહ (ખરોડ–હાલ:અમદાવાદ) તેમના સ્વર્ગસ્થ સુપુત્ર પ્રિયંકકુમારના નામે અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧૦૦૦/– નું દાન આપીને સદ્‌ગત પ્રિયંકકુમારને શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે. B.C.A. , M.C.A. થયેલા પ્રિયંકકુમાર તેમના ધર્મપત્ની પલકબેન તથા સંતાનો દિવ્યાંશી અને રેયાન્સને શોકમગ્ન મૂકીને કોરાનાને કારણે સ્વર્ગવાસી થયેલા . તે જ અરસામાં શ્રી.દિલીપકુમાર સહધર્મચારિણી રેણુકાબેન પણ સ્વર્ગવાસી થયેલા. શ્રી દિલીપકુમાર જેઠાલાલે અમદાવાદ જ્ઞાતિ મંડળના હોલના ભૂમિપૂજનનો લાભ લીધેલો. અને ૧૯૯૨ માં પરિવાર – પત્રિકા ના શરૂઆતના સૌજન્ય દાતા થયેલા . તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી જેઠાલાલ ના હસ્તે શ્રી . ગોદાવરી જિનાલયમાં માણિભદ્રવીરની પ્રતિષ્ઠા કરાવેલી .અમદાવાદ જ્ઞાતિમંડળમાં ઘણા વર્ષોથી કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે. હાલમાં શ્રી ગોદાવરી જૈન સંઘમાં તેમજ ખરોડ શ્રી સંઘમાં ટ્રસ્ટી તરીકે સેવા આપેછે. સને ૨૦૦૬ માં તેમણે ખરોડમાં આરાધના ભવનના ઉદ્દ્‌ઘાટનનો લાભ લીધેલો .આમ , ધર્મ અને સમાજ સેવામાં સક્રિયશ્રી દિલીપકુમારને તેમના સુપુત્ર ચિ.અમિત અને તેમના ધર્મપત્ની કિના તેમના સત્કાર્યોમાં સંપૂર્ણ સહયોગ આપેછે. અમદાવાદ જ્ઞાતિમંડળ તેમની અનુમોદના કરેછે અને આભાર માને છે.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



**સ્વ.સુશીલાબેન કિર્તિકુમાર શાહ (દેણપ)**

જન્મદિવસ: ૨૩-૦૨-૧૯૪૫ ● સ્વર્ગવાસ: ૨૦.૧૨.૨૦૨૫



**સ્વ.કિર્તિકુમાર ચંદુલાલ શાહ (દેણપ)**

જન્મદિવસ: ૧૦-૦૯-૧૯૪૩ ● સ્વર્ગવાસ: ૧૪.૦૧.૨૦૨૬

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું,
સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું,
ક્ષમા તમારો ગુણ હતો, ધર્મ કદી ભૂલ્યા નહી,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, તમારું હસતું મુખ અને મીઠો સ્વભાવ હંમેશા
અમારી યાદોમાં જીવંત રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

રશ્મિન કિર્તિકુમાર (પુત્ર)
યોગિની રશ્મીન શાહ (પુત્રવધૂ)

દર્શના પારેખ (દિકરી)
કિરીટકુમાર જેવતલાલ પારેખ (જમાઈ)
ભાવના શાહ (દિકરી)
સ્વ. વિપુલકુમાર જયંતિલાલ શાહ (જમાઈ)

**સમસ્ત ચંદુલાલ વાડીલાલ શાહ પરિવાર**

રશ્મિન કિર્તિકુમાર શાહ - મો.: ૯૩૭૧૧૧૧૧૦૬

પિયર પક્ષ : છનાલાલ દ્વારકાદાસ શાહ. ઉનાવા

# અવસાન-શ્રધ્ધાંજલિ



**કિરણકુમાર સેવંતીલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : બિબવેવાડી, પૂના
સ્વ. તા.૦૯-૧૨-૨૦૨૫, મંગળવાર



**રસીલાબેન વસંતલાલ શાહ**
ગામ : કમાણા
હાલ : મણીનગર, અમદાવાદ
સ્વ. તા.૧૦-૧૨-૨૦૨૫, બુધવાર



**રસીલાબેન વિનોદચંદ્ર શાહ**
ગામ : મોટપ
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૧-૦૧-૨૦૨૬, રવિવાર



**કીર્તિકુમાર ચંદુલાલ શાહ**
ગામ : દેણપ
હાલ : પૂના
સ્વ. તા.૧૪-૦૧-૨૦૨૬, બુધવાર



**કિરણકુમાર સુમતીલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૪-૦૧-૨૦૨૬, બુધવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

# બદલાયેલા સરનામા તેમજ આજીવન સભ્યપદ

## અમદાવાદ

**હેમંત ચુનીભાઈ શાહ.................................(કહોડા)**
૧૦૨, સ્કાયલાઈન, ૧૨ સ્વસ્તિક સોસાયટી, પંજાબી હોલ લેન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯. મો.: ૯૯૯૮૯૩૩૮૨૨

## મુંબઈ

**ભરતકુમાર કેશવલાલ શાહ............................(રણુંજ)**
બી/૪૦૩, બથીયા બિલ્ડીંગ નં. ૨ હિમાલયા સ્કુલની બાજુમાં, રામબાગ લેન, એસ.વી.રોડ, બોરીવલી વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૯૨ મો.: ૯૮૩૩૪૧૪૨૪૪, ૯૭૦૩૬૧૦૪૬૬

## આજીવન સભ્યપદ-અમદાવાદ

**આર્યન નયનકુમાર શાહ.............................(ભાલક)**
ડી/૨૦૨,સિદ્ધશીલા ફ્લેટ, બેરેજ રોડ, વાસણા, અમદાવાદ ૩૮૦૦૦૭ મો. ૬૩૫૨૭ ૮૭૭૧૭

**તનીશ કલ્પેશભાઈ શાહ .............................(મગુના)**
૩, ઇન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ, ૨૭,આઇડીયલ કોલોની, જયહિન્દ સ્કૂલ ની પાછળ, મણિનગર, અમદાવાદ ૩૮૦૦૦૮ મો. ૯૬૧૯૯ ૩૪૯૮૪

**પાર્થ કલ્પેશભાઈ શાહ...............................(મગુના)**
૩, ઇન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ, ૨૭,આઇડીયલ કોલોની, જયહિન્દ સ્કૂલ ની પાછળ, મણિનગર, અમદાવાદ ૩૮૦૦૦૮ મો. ૮૮૭૯૮ ૬૨૫૬૬

**દેવાશું પુષ્પક શાહ.................................( મણુંદ)**
૨,દેવર્ષી એપાર્ટમેન્ટ, ૨૭,આઇડીયલ કોલોની, જયહિન્દ સ્કૂલ ની પાછળ, મણિનગર, અમદાવાદ ૩૮૦૦૦૮ મો. ૯૮૯૮૮ ૫૩૨૫૧, ૭૦૪૩૩ ૪૦૯૨૯

**મિલનકુમાર હસમુખભાઇ શાહ......(પિંઢારપુરા )**
એ/૭૦૧ મહાલક્ષ્મી કોમ્પલેક્ષ,મહાલક્ષ્મી ચાર રસ્તા,પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૮૨૫૦ ૫૧૪૧૧

## આજીવન સભ્યપદ-અમદાવાદ

**જશ રાજેશભાઇ શાહ...............................(લણવા)**
બી/૨, મોક્ષરાજવીલા એપાર્ટમેન્ટ, મણીરત્ન ફ્લેટ ની પાછળ, વાસણા અમદાવાદ ૩૮૦૦૦૭ મો.૯૪૨૬૯ ૨૯૦૩૫

**ભાવિક મુકેશભાઇ શાહ........................(બોકરવાડા)**
બી/૨૧, ન્યુ સિદ્ધિ એપાર્ટમેન્ટ, વાસણા અમદાવાદ ૩૮૦૦૦૭ મો.૮૨૦૦૭ ૮૯૬૦૭

**મીત પ્રદીપ ગાંધી....................................(રણુંજ)**
એ-૧/૧૪, આમ્રપાલી એપાર્ટમેન્ટ, સુખીપુરા બસ સ્ટેન્ડ સામે, ન્યુ શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ, ૩૮૦૦૦૭ મો. ૮૦૦૦૪ ૮૦૮૫૬

**નિકુંજ ધીરુભાઈ શાહ..........................(બોકરવાડા)**
બી/૮, શ્રીનાથ એપાર્ટમેન્ટ, પ્રકાશ પેટ્રોલ પમ્પ ની બાજુમાં, બાપુનગર, અમદાવાદ, ૩૮૦૦૨૪. મો. ૯૯૨૪૦ ૯૬૯૦૭

**નીશીત કમલેશભાઇ શાહ..............................(રણુંજ)**
એ/૧૦૨, સુગમ એવન્યુ, મહાલક્ષ્મી ટાવર સામે, વિકાસગૃહ રોડ, ફતેપુરા, પાલડી,અમદાવાદ ૩૮૦૦૦૭. મો. ૯૬૦૧૧ ૧૮૭૭૭

**વર્ધન નિહારભાઈ શાહ.................................(ભાંડુ)**
૮૭/બી, લાવણ્ય સોસાયટી, જીવરાજ મહેતા હોસ્પિટલ પાસે, વાસણા અમદાવાદ ૩૮૦૦૦૭ મો.૮૧૨૮૦ ૭૨૮૦૪

## મહિલા સભ્ય ની યાદી

**અમી જશ શાહ.........................................(લણવા)**
બી/૨, મોક્ષરાજવીલા એપાર્ટમેન્ટ, મણીરત્ન ફ્લેટ ની પાછળ, વાસણા અમદાવાદ ૩૮૦૦૦૭ મો.૯૪૨૬૯ ૨૯૦૩૫, ૯૦૯૯૮ ૯૬૪૫૭

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ ભાવભરી શ્રધ્ધાંજલિ



**સ્વ.વર્ષાબેન હિમાંશુભાઈ શાહ** (ગામ-પીંઢારપુરા)

જન્મ તા.૦૨-૦૮-૧૯૬૪ ❋ સ્વ.તા.૦૧-૦૨-૨૦૨૫

નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે,
હરપળ હાજરીનો આભાસ થયા કરે છે.
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
તમારું હસતું મુખ, મીઠો સ્વભાવ અને અનંત પ્રેમ
હંમેશા અમારી યાદોમાં જીવંત રહેશે. તમારી દરેક પળ અમૂલ્ય હતી અને રહેશે.
આજીવન તમે જે પ્રેમ અને સંસ્કાર આપ્યા તે અમારુ માર્ગદર્શન બનશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

**હિમાંશુભાઈ ભાઈલાલભાઈ શાહ**

નિહાર હિમાંશુભાઈ શાહ
પૂજા નિહારભાઈ શાહ
કરિશ્મા રિતેશકુમાર પટેલ
રિતેશકુમાર શામજીભાઈ પટેલ
જ્વાલિન, વિહાન, ઝીયા, રિધમ

દિનેશભાઈ બી. શાહ
ઈલાબેન ડી. શાહ

સંજયભાઈ બી. શાહ
રીનાબેન એસ. શાહ

**ભાઈલાલભાઈ ઉત્તમલાલ શાહ (પીંઢારપુરા) પરિવાર**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદની કારોબારી સમિતિ

## -: યાત્રા પ્રવાસ કાર્યક્રમ :-









નવી કારોબારી સમિતિની રચના થયા બાદ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખશ્રી તરફથી સમગ્ર કારોબારી સમિતિને બે દિવસ માટે પ્રવાસ યોજવાની એક ઉમદા પ્રણાલિકા મુજબ તા. ૧૭ અને ૧૮ જાન્યુઆરી– ૨૦૨૬ એમ બે દિવસ માટે મણી લક્ષ્મી તીર્થ, ખંભાત, વાલવોડ તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૯ સભ્યશ્રીઓ જોડાયા હતા. તા. ૧૭–૦૧–૨૬ ના રોજ નિર્ધારીત સમયે પ્રસ્થાન કરી, મણી લક્ષ્મી તીર્થ સેવા પુજા કરી, ખંભાત ખાતે ચાલતા પ્રાચીન દેરાસરોના દર્શન યાત્રા કરી, પ.પુ. બાપજી મહારાજના ધ્યાનસ્થ સ્થળ વાલવોડ ખાતે દર્શન કરી રાત્રે મણી લક્ષ્મી તીર્થ ખાતે ઑડિટોરિયમમાં ખાસ ધાર્મિક શૉ જોઈને બહુમાન તથા મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉંમર અને હોદ્દાને ધ્યાનમાં રાખ્યા સિવાય મુક્ત મને આનંદ માણ્યો હતો.

મણી લક્ષ્મી તીર્થ ખાતે રોકાણ દરમિયાન સંસ્થા તરફથી ઉત્તમ સગવડ પુરી પાડવામાં આવી હતી. તા. ૧૮–૦૧–૨૬ ના રોજ મણી લક્ષ્મી તીર્થ ખાતે સેવા પુજા કરીને સ્ટેચ્યુ ઑફ યુનિટી માટે પ્રસ્થાન કરેલ. સ્ટેચ્યુ ઑફ યુનિટી ખાતે પણ એડીશનલ કલેક્ટર સાહેબશ્રી તરફથી બસ માટે વી. આઈ. પી. પાસની વ્યવસ્થા કરેલ હોઈ પોતાની બસમાં જ કેમ્પસમાં પ્રવાસ કરવાની સગવડ મળી હતી. લંચ માટે પણ ખાસ મેનુ નક્કી કરીને જૈન ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. એક્સપ્રેસ એન્ટ્રી ટિકિટ હોવાથી કોઈપણ જગ્યાએ લાઈનમાં ઊભા રહ્યા સિવાય દરેક પોઈન્ટની મુલાકાત લીધી હતી. સાંજના લાઈટ એન્ડ સાઉન્ડ શૉમાં પણ ગાઈડ દ્વારા ઉત્તમ બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી. તમામ કારોબારી સભ્યશ્રીઓને પ્રવાસ દરમિયાન કોઈપણ જાતની તકલીફ પડી ના હોઈ ખુબ જ મજા આવી હતી.

**It was a well-planned and memorable pilgrimage & extra ordinary enjoyable Tour**

परिवार पत्रिका

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI